# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૨/૦૮/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

- **તા. ૨૪ ઓગષ્ટે માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની સુરતમાં ત્રિરંગા યાત્રામાં જોડાશે**
- **દલિત પરીવાર સાથે ભોજન લેશે.**
- **વિદ્યાર્થીઓ સાથે "સંકલ્પ સે સિધ્ધિ" વિચારગોષ્ઠી તથા "સફાઈ અભિયાન" માં જોડાશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની તા. ૨૪/૦૮/૨૦૧૭ને ગુરૂવારના રોજ સુરત ખાતે પધારી રહ્યા છે. જે દરમ્યાન આખો દિવસ સુરતમાં કાર્યક્રમમાં વ્યસ્ત રહેશે. જ્યારે સાંજે "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે પણ તેઓની ઉપસ્થિતિ રહેશે.

માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની સુરત ડુમસ ખાતે સવારે ૧૧ કલાકે આવશે જ્યાં તેઓને આવકારવા માટે ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે અને તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યાંથી તેઓ નાનપુરાના ગાંધી સ્મૃતિ ભવન ખાતે વિદ્યાર્થીઓ સાથે ''સંકલ્પ થી સિધ્ધી'' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે નાનપુરાના મક્કાઈ પુલ થી ત્રિરંગા યાત્રામાં જોડાશે. જે યાત્રા શહેરના રાજમાર્ગ પરથી પસાર થઈને રેલ્વે સ્ટેશન સામે સરદાર પ્રતિમા પાસે સમાપ્ત થશે. બાદમાં તેઓ બપોરે ૨ કલાકે કતારગામ સ્થિત ગોતાલાવાડી ટેનામેન્ટમાં દલિત પરીવાર સાથે ભોજન લેશે.

ત્યારબાદ માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની વોર્ડ નં. ૧૭ પરવટ ગામ વિસ્તારના ગીતાનગરની બાજુમાં આવેલા વામ્બે નગર (મામા નગર) ખાતે ''સફાઈ અભિયાન''માં જોડાશે. ત્યાંથી તેઓ સુરત સરકીટ હાઉસ ખાતે ટૂંકા રોકાણ બાદ ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના ખાતે એન.જી.ઓ. સાથે બેઠક યોજશે.